| ચૂંટણી |
|---|
| આચાર સંહિતા |

ક્રમાંકઃ ઈએલસી–સી.ઓ.સી.–૩(૭)–૧૨૨૦૧૯–ક
રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર–૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૦૨–૧૨–૨૦૧૯

વિષયઃ– <u>જિલ્લા/તાલુકા પંચાયતોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી ડિસેમ્બર–૨૦૧૯</u>
**મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગેની આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી/કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ.**

**<u>પરિપત્ર</u> :**

૧. આ સાથેના પત્રક મુજબની રાજયની જિલ્લા/તાલુકા પંચાયતોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી તા.૨૯–૧૨–૨૦૧૯ના રોજ યોજવા રાજય ચૂંટણી આયોગે તા.૦૨–૧૨–૨૦૧૯ ના રોજ જાહેરાત કરેલ છે. આથી આ ચૂંટણીમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે આદર્શ આચાર સંહિતા તા.૦૨–૧૨–૨૦૧૯થી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારમાં અમલમાં આવે છે. સદરહુ આચાર સંહિતાની કેટલીક બાબતોનો અમલ સત્તાધારી પક્ષે પણ કરવાનો રહે છે.

**પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ**

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણી જાહેર કરવાની તારીખ | ૦૨-૧૨-૨૦૧૯ |
| ૨ | ચૂંટણીની નોટિસ/ જાહેરનામુ પ્રસિદ્ધિ કરવાની તારીખ | ૦૯-૧૨-૨૦૧૯ |
| ૩ | ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૦૯-૧૨-૨૦૧૯ |
| ૪ | ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ | ૧૪-૧૨-૨૦૧૯ |
| ૫ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ | ૧૬-૧૨-૨૦૧૯ |
| ૬ | ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ | ૧૭-૧૨-૨૦૧૯ |
| ૭ | મતદાનની તારીખ તથા સમય | ૨૯-૧૨-૨૦૧૯ (રવિવાર) સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી |
| ૮ | જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૩૦-૧૨-૨૦૧૯ |
| ૯ | મતગણતરીની તારીખ | ૩૧-૧૨-૨૦૧૯ |

૨. આ સંસ્થાઓના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ થાય તે માટે જે તે કચેરીઓને જણાવવામાં આવે છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે આચાર સંહિતા સંબંધે નીચે પ્રમાણે આદેશ કરેલા છે.

| અ.નં. | આદેશનો વિષય | આદેશના નંબર/તારીખ |
|---|---|---|
| ૧ | શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંકઃરાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮ (૧)–૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |
| ૨ | કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૨)–૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |
| ૩ | વહીવટી તંત્ર દ્વારા અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૩)–૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |

ઉપરોક્ત આદેશો જે તે સમયે સંબંધિત તમામ કચેરી / વિભાગો / રાજકીય પક્ષોને મોકલી આપેલ છે. આ આદેશો રાજય ચૂંટણી આયોગની વેબસાઈટ **sec.gujarat.gov.in** પર મૂકેલા છે.

૪. સંબંધિત તમામ કચેરીઓને વિનંતી કરવામાં આવે છે કે ચૂંટણી હેઠળના જિલ્લાઓના રાજય સરકારના વિવિધ ખાતાના/કચેરીના વડાઓ જિલ્લા/તાલુકા પંચાયતોની પેટા ચૂંટણી દરમ્યાન તાકીદના તબીબી કારણો સિવાય તેમની હેઠળના આ ચૂંટણી સાથે સંકળાયેલા કર્મચારીઓ / અધિકારીઓની રજા મંજૂર કરે નહિ.

૫. આચાર સંહિતાના અમલ દરમ્યાન ચૂંટણી હેઠળના વિસ્તારોમાં

(અ) ચૂંટણીની કામગીરી સંબંધમાં અધિકારીઓ / કર્મચારીઓની રજા મંજૂર કરી શકાશે નહિ તેમજ બદલી કરી શકાશે નહિ.

(બ) સરકારી સેવાઓ અને જાહેર સાહસોમાં નિમણૂક આપી શકાશે નહિ.

(ક) મતદારો પ્રભાવિત થાય તેવી કોઈપણ પ્રકારની જાહેરાત કરી શકાશે નહિ તેમજ વચનો આપી શકાશે નહિ.

(ડ) કોઈપણ રૂપમાં કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરાશે નહિ.

(ઈ) વિવેકાધીન ફંડમાંથી ચૂકવણી મંજૂર કરાશે નહિ.

૬. આ સૂચનાઓ ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, સર્વે માન. મંત્રીશ્રીઓના ધ્યાન પર મુકવા તેઓના સચિવશ્રી / અંગત સચિવશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

૭. સચિવાલયના સર્વે વિભાગોને ઉપર્યુકત સૂચનાઓ તેઓની હેઠળના ખાતા / કચેરી તેમજ બોર્ડ, નિગમ તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વડાઓના ધ્યાન પર તાત્કાલિક મૂકવા વિનંતી કરવામાં આવે છે.

૮. આ સૂચનાનો અમલ **તા.૦૨-૧૨-૨૦૧૯** થી (જાહેરાતની તારીખ) થી **તા.૩૧-૧૨-૨૦૧૯** (પરિણામની જાહેરાત) સુધી કરવાનો રહે છે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**

- ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી ( માન.અધ્યક્ષશ્રીના ધ્યાને મૂકવાની વિનંતી સહ )
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી( માન. મુખ્ય મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ )
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અધિક સચિવશ્રી(માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના ધ્યાને મુકવા વિનંતી સહ)
- સર્વે માન.મંત્રીશ્રીઓ, રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.(માન. મંત્રીશ્રીઓના ધ્યાને મૂકવાની વિનંતી સહ)
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર (માન. વિરોધપક્ષના નેતાશ્રીના ધ્યાને મૂકવા વિનંતી સહ)
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો (સર્વે ખાતાના વડાઓને તથા સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓને આ અંગેની તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ.)
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ વડાશ્રી, પોલીસ ભવન,ગાંધીનગર
- જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, પોરબંદર,પાટણ, મહેસાણા, અમદાવાદ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, ગાંધીનગર, વલસાડ, સુરત, નવસારી, વડોદરા, તાપી, ડાંગ, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલી, કચ્છ, જૂનાગઢ, દાહોદ, આણંદ, ગીરસોમનાથ, અને ખેડા (સર્વે ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને અન્ય સર્વે સબંધિત અધિકારીશ્રીઓ / કચેરીઓ/રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ)
- પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર,પાટણ, મહેસાણા, અમદાવાદ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, ગાંધીનગર, વલસાડ, સુરત, નવસારી, વડોદરા, તાપી, ડાંગ, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલી, કચ્છ, જૂનાગઢ, દાહોદ, આણંદ, ગીરસોમનાથ, અને ખેડા
- રાજય ચૂંટણી આયોગ સમક્ષ નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર ( જરૂરી પ્રસિધ્ધિ આપવા સારૂ )
- રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ.
- રાજય ચૂંટણી કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
- સીલેકટ ફાઈલ

## પેટા ચૂંટણી યોજવાપાત્ર જિલ્લા પંચાયતની ખાલી બેઠકો :–

| અ.નં. | જિલ્લો | જિલ્લાપંચાયતનું નામ | મતદાર મંડળ નંબર નામ | બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | અમદાવાદ | ૧૨–હેબતપુર | બિ.અ.સામાન્ય |
| ૨ | અમદાવાદ | અમદાવાદ | ૨૯–શિયાળ | અનુ.આદિજાતિ |
| ૩ | પોરબંદર | પોરબંદર | ૧૬–રાણા કંડોરણા–૧ | સામાન્ય સ્ત્રી |

## પેટા ચૂંટણી યોજવાપાત્ર તાલુકા પંચાયતોની ખાલી બેઠકો :–

| અ.નં. | જિલ્લો | તાલુકાપંચાયતનું નામ | મતદાર મંડળ નંબર નામ | બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પાટણ | હારીજ | ૧૬–વાંસા | અનુ.આદિજાતિ |
| ૨ | પાટણ | સિધ્ધપુર | ૭–કાકોશી–૧ | સામાન્ય સ્ત્રી |
| ૩ | પાટણ | ચાણસ્મા | ૧૧–લણવા | સામાન્ય સ્ત્રી |
| ૪ | પાટણ | ચાણસ્મા | ૬–જીતોડા | સામાન્ય સ્ત્રી |
| ૫ | પાટણ | ચાણસ્મા | ૭–કંબોઈ | સામાન્ય સ્ત્રી |
| ૬ | પાટણ | ચાણસ્મા | ૧૪–રણાસણ | બિ.અ.સામાન્ય |
| ૭ | પાટણ | ચાણસ્મા | ૧૭–વડાવલી | બિ.અ.સામાન્ય |
| ૮ | પાટણ | ચાણસ્મા | ૫–ધિણોજ–૨ | સામાન્ય સ્ત્રી |
| ૯ | મહેસાણા | વિસનગર | ૧૪–કાંસા | બિ.અ.સામાન્ય |
| ૧૦ | મહેસાણા | સતલાસણા | ૧૦–સતલાસણા–૧ | અનુ.આદિજાતિ |
| ૧૧ | અમદાવાદ | વિરમગામ | ૧૧–ઓગાણ | બિ.અ.સામાન્ય |
| ૧૨ | સાબરકાંઠા | પોશીના | ૧૦–ગણેર | અનુ.આદિજાતિ |
| ૧૩ | સાબરકાંઠા | પોશીના | ૧૮–સેબલીયા(પો) | અનુ.આદિજાતિ |
| ૧૪ | અરવલ્લી | મેઘરજ | ૧–બાંઠીવાડા | પછાતવર્ગ સ્ત્રી |
| ૧૫ | મહીસાગર | વિરપુર | ૧૨–લીમરવાડા | બિ.અ.સામાન્ય |
| ૧૬ | ગાંધીનગર | ગાંધીનગર | ૩૦–ઉનાવા | બિ.અ.સામાન્ય |
| ૧૭ | વલસાડ | પારડી | ૧૪–પરીયા | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૧૮ | સુરત | મહુવા | ૧૧–ખરવાણ | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૧૯ | સુરત | મહુવા | ૧૨–કોષ | અનુ.આદિજાતિ |
| ૨૦ | નવસારી | ખેરગામ | ૭–ખેરગામ–૨ | અનુ.આદિજાતિ |
| ૨૧ | નવસારી | વાંસદા | ૬–ચારણવાડા | અનુ.આદિજાતિ |
| ૨૨ | વડોદરા | પાદરા | ૨૪–તિથોર | બિ.અ.સામાન્ય |
| ૨૩ | તાપી | ડોલવણ | ૭–ગડત | અનુ.આદિજાતિ |
| ૨૪ | ડાંગ | સુબીર | ૭–કડમાળ | અનુ.આદિજાતિ |
| ૨૫ | ડાંગ | સુબીર | ૧૨–મહાલ | અનુ.આદિજાતિ |
| ૨૬ | મોરબી | હળવદ | ૧૪–નવા ઘનશ્યામગઢ | બિ.અ.સામાન્ય |
| ૨૭ | રાજકોટ | રાજકોટ | ૧૬–કુવાડવા | બિ.અ.સામાન્ય |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮ | સુરેન્દ્રનગર | થાનગઢ | ૩–જામવાડી | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૨૯ | અમરેલી | બાબરા | ૧૭–ઉંટવડ | અનુ.આદિજાતિ |
| ૩૦ | કચ્છ | નખત્રાણા | ૧–અંગીયાનાના | સા.શૈ.પ.સ્ત્રી |
| ૩૧ | જૂનાગઢ | વંથલી | ૧૩–ટીકરપાદરડી | અનુ.આદિજાતિ |
| ૩૨ | દાહોદ | ઝાલોદ | ૪–ચાકલીયા–૧ | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૩૩ | દાહોદ | ગરબાડા | ૧૦–ગરબાડા–૨ | અનુ.આદિજાતિ |
| ૩૪ | આણંદ | તારાપુર | ૧૩–તારાપુર–૩ | બિ.અ.સામાન્ય |
| ૩૫ | આણંદ | તારાપુર | ૧૪–તારાપુર–૪ | બિ.અ.સામાન્ય |
| ૩૬ | આણંદ | ઉમરેઠ | ૧૬–શીલી–૧ | બિ.અ.સામાન્ય |
| ૩૭ | ગીર સોમનાથ | સુત્રાપાડા | ૧૩–રાખેજ | બિ.અ.સામાન્ય |
| ૩૮ | ગીર સોમનાથ | ઉના | ૨૮–વરસીગપુર | બિ.અ.સામાન્ય |
| ૩૯ | ખેડા | મહેમદાવાદ | ૧૨–ખાત્રજ | સામાન્ય સ્ત્રી |
| ૪૦ | ખેડા | મહેમદાવાદ | ૧૪–માંકવા | સામાન્ય સ્ત્રી |
| ૪૧ | ખેડા | ખેડા | ૪–હરીયાળા | સા.શૈ.પ.વર્ગ |

**જિલ્લા/તાલુકા પંચાયતોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી માટેનો**
**કાર્યક્રમ**

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણી જાહેર કરવાની તારીખ | **૦૨-૧૨-૨૦૧૯** |
| ૨ | ચૂંટણીની નોટિસ/ જાહેરનામુ પ્રસિદ્ધિ કરવાની તારીખ | **૦૯-૧૨-૨૦૧૯** |
| ૩ | ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | **૦૯-૧૨-૨૦૧૯** |
| ૪ | ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ | **૧૪-૧૨-૨૦૧૯** |
| ૫ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ | **૧૬-૧૨-૨૦૧૯** |
| ૬ | ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ | **૧૭-૧૨-૨૦૧૯** |
| ૭ | મતદાનની તારીખ તથા સમય | **૨૯-૧૨-૨૦૧૯ (રવિવાર) સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી** |
| ૮ | જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | **૩૦-૧૨-૨૦૧૯** |
| ૯ | મતગણતરીની તારીખ | **૩૧-૧૨-૨૦૧૯** |

**(મહેશ જોશી)**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**સ્થળ : ગાંધીનગર**
**તા.૦૨.૧૨.૨૦૧૯**